રાજ્યના આંગણવાડી કાર્યકરો/હેલ્પર બહેનોને
ઉનાળુ તેમજ દિવાળી વેકેશન આપવા અંગે

ગુજરાત સરકાર
મહિલા અને બાળ વિકાસ વિભાગ
ઠરાવ ક્ર: આઇસીડી-૧૧૨૦૧૯-૧૪૬-બ
સચિવાલય ગાંધીનગર
તા.૪-૭-૨૦૧૯

વંચાણે લીધા:

(૧) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગનો તા.૨૯-૫-૧૯૯૯નો ઠરાવ ક્ર:આઇસીડી/૧૦૯૯/૩૦૯/આર

(૨) કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસ કચેરીના તા.૯/૪/૨૦૧૯ ના પત્ર ક્ર:મકમ-૩/આઇસીડીએસ-આ.વ.સવારનો સમય-એપ્રિલ ૧૯ થી જુને ૧૯/૪૨૩૬૮૩-૮૪/ ૨૦૧૯-૨૦

ઠરાવ :-

આંગણવાડી કાર્યકરો અને હેલ્પરોને માનદવેતન આપવામાં આવે છે તેઓને હક્ક રજા કે વેકેશન જેવી સુવિધા મળતી નથી. તેથી તેઓને વર્ષ દરમિયાન ઉનાળામાં તેમજ દિવાળી ઉપર વેકેશન આપવા અંગે વંચાણે લીધેલ (૧) થી ઉનાળુ વેકેશન તથા દિવાળી વેકેશન આપવાનું ઠરાવવામાં આવેલ છે. હાલમાં કમિશ્નર કચેરી દ્વારા દર વર્ષે ઉનાળાની અતિગરમીનાં કારણે ખાસ કેસમાં આંગણવાડી કેન્દ્રના સમયમાં ફેરફાર અંગે તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રી/મ્યુનિસિપલ કમિશ્નરશ્રી ને જાણ કરવામાં આવે છે. વંચાણે લીધેલ (૨) થી કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસ કચેરી દ્વારા ઉનાળુ વેકેશન અંગે સ્થાયી સુચનાઓ આપવા દરખાસ્ત કરાયેલ છે. જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

૨. પુખ્ત વિચારણાને અંતે રાજ્યના આંગણવાડી કાર્યકરો/હેલ્પર બહેનોને વેકેશનનો સમયગાળો નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

(૧) ઉનાળુ વેકેશન ૧લી મે થી ૩૧ મી મે સુધીનુ રહેશે અને ૩૧ મે સુધીમાં રાજ્યના આંગણવાડી કાર્યકરો/હેલ્પર બહેનો એ વારાફરતી ૧૫ દિવસનું વેકેશન ભોગવી લેવાનું રહેશે,.

(૨) કયા કર્મચારીને કઇ તારીખથી કઇ તારીખ સુધીનું ૧૫ દિવસનું વેકેશન નક્કી કરવું તે બાબતે સંબંધિત બાળ વિકાસ યોજના અધિકારી નક્કી કરશે. આ ઉનાળુ વેકેશન કાયમી ધોરણે બીજો હુકમ ન થાય ત્યાં સુધી જાહેર કરવામાં આવે છે.

(૩) દિવાળીના તહેવારો માટેનું વેકેશન આઠ (૮) દિવસનું રહેશે. હવે પછી દર વર્ષે દિવાળીના તહેવારોના આગળના બે દિવસ અને પાછળના દિવસ એટલે કે ધનતેરસથી બેસતુ વર્ષ એમ ચાર દિવસ અને આ સમયગાળાના આગળના બે અને પાછળના બે દિવસ આમ કુલ ૮ ((આઠ) દિવસ વેકેશન કાયમી ધોરણે બીજો હુકમ ન થાય ત્યાં સુધી જાહેર કરવામાં આવે છે. વેકેશનના સમય દરમ્યાન જો કોઇ તાલીમ ચાલુ હોય તો તેવા આંગણવાડી કાર્યકર/તેડાગરને વેકેશનનો લાભ મળવાપાત્ર રહેશે નહિ.

૩/. આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર સરકારશ્રીની તા.૨૯/૫/૨૦૧૯ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(રાહુલ છત્રપતિ)
નાયબ સચિવ
મહિલા અને બાળ વિકાસ વિભાગ

<u>નકલ રવાના:</u>

૧. માન. મુખ્ય મંત્રીશ્રીનાં ખાસ ફરજ પરના અધિકારીશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનયર
૨. માન. નાયબ મુખ્ય મંત્રીશ્રીનાં અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
૩. માન. મંત્રીશ્રી (કૃષિ, ગ્રામ વિકાસ) નાં અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
૪. માન. મંત્રીશ્રી, (ઉર્જા) નાં અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
૫. માન. મંત્રીશ્રી, મહિલા અને બાળ કલ્યાણનાં અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
૬. માન. રા.ક.મંત્રીશ્રી, (ઉર્જા) નાં અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
૭. માન. રા.ક.મંત્રીશ્રી (ગ્રામ વિકાસ),નાં અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨ સચિવાલય, ગાંધીનગર
૮. માન. રા.ક.મંત્રીશ્રી, મહિલા અને બાળ કલ્યાણનાં અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨ સચિવાલય, ગાંધીનગર
૯. મુખ્ય સચિવશ્રીનાં અંગત સચિવશ્રી, બ્લોક નં.૧/૫મો માળ, સચિવાલય, ગાંધીનગર
૧૦. અધિક મુખ્ય સચિવશ્રી (નાણા), નાણા વિભાગ, બ્લોક નં.૪/૫મો માળ,સચિવાલય, ગાંધીનગર
૧૧. અધિક મુખ્ય સચિવશ્રી ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ, બ્લોક નં.૫/૩જો માળ, સચિવાલય, ગાંધીનગર
૧૨. અગ્ર સચિવશ્રી, પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, બ્લોક નં.૮/૫મો માળ, સચિવાલય, ગાંધીનગર
૧૩. કમિશ્નરશ્રી, ગ્રામ વિકાસ,બ્લોક નં.૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
૧૪. કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસ, બ્લોક નં.૨૦, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
૧૫. મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, તમામ
૧૬. નિયામકશ્રી, આઇ.સી.ડી.એસ., બ્લોક નં.૨૦, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
૧૭. સબંધિત એજન્સી (**Distribution Companies**) (ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ, સચિવાલય, ગાંધીનગર મારફતે)
૧૮. અધિક કમિશ્નરશ્રી, ગ્રામ વિકાસ (મનરેગા), બ્લોક નં.૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
૧૯. જીલ્લા વિકાસ અધિકારીશ્રી, તમામ
૨૦. નિયામકશ્રી, જીલ્લા ગ્રામ વિકાસ એજન્સી, તમામ
૨૧. વિભાગીય નાયબ નિયામકશ્રી (આઈસીડીએસ), અમદાવાદ/વડોદરા/સુરત/રાજકોટ
૨૨. પ્રોગ્રામ ઓફીસરશ્રી, આઇ.સી.ડી.એસ. તમામ
૨૩. પ્રોગ્રામ ઓફીસરશ્રી, મહાનગર પાલિકા (અર્બન) તમામ
૨૪. સીલેક્ટ ફાઈલ